


# વલસાડ જિલ્લાનું ધો.10નું 78.15 ટકા પરિણામ, 280 વિદ્યાર્થી A 1માં

**ગત** વર્ષની સરખામણીએ 5 ટકાનો ઘટાડો, 14992 વિદ્યાર્થી પાસ, સૌથી વધુ 94.11 ટકા પરિણામ વલસાડના હાલર કેન્દ્રનું

વલસાડ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવારે ધો.10નું ઓનલાઇન પરિણામ જાહેર થયું હતું. જેમાં વલસાડ જિલ્લાનું 78.15 ટકા પરિણામ નોંધાયું હતું. પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી 280 વિદ્યાર્થીઓ એ.1 ગ્રેડ મેળવવામાં સફળ થયા હતા. જિલ્લામાં નોંધાયેલા 19666 વિદ્યાર્થીઓ પૈકી 19164 એ પરીક્ષા આપી હતી. જે પૈકી 14992 વિદ્યાર્થીઓ પાસ થયા હતાં. સૌથી વધુ 94.11 ટકા પરિણામ વલસાડના હાલર કેન્દ્રનું આવ્યું હતું. જિલ્લાની 34 શાળાઓનું પરિણામ 100 ટકા આવ્યું છે. જ્યારે 3 શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ 94.11 ટકા પરિણામ શહેરના હાલર કેંન્દ્રનું નોંધાયું હતું. જે પરીક્ષામાં 1291 વિદ્યાર્થીઓ પૈકી 1215 પાસ થયા હતા.

## વલસાડ સિટીનું 75.16 ટકા પરિણામ

વલસાડ સિટી કેન્દ્રમાં નોંધાયેલા 1308 વિદ્યાર્થીઓ પૈકી 1280 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જે પૈકી 962 પાસ થતાં કુલ પરિણામ 75.16 ટકા આવ્યું હતું.

## 34 શાળાનું 100 ટકા પરિણામ, 9નો ઘટાડો

પરિણામની નોંધપાત્ર બાબત એ હતી કે જિલ્લામાં 2024મા 100 ટકા પરિણામ લાવનાર શાળાઓની સંખ્યા 43 હતી. જે 2025માં ઘટીને 34 થતાં 9 ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. એ જ રીતે 2024મા 0 ટકા પરિણામ વળી 5 માત્ર 1 શાળા હતી જે 2025મા વધીને 3 થઈ છે.

## ગત વર્ષ કરતાં પરિણામમાં 5 ટકાનો ઘટાડો

જિલ્લામાં 2017ના વર્ષમાં ધો.10નું 64.78 ટકા પરિણામ નોંધાયું હતું. જ્યારે 2018માં 66.58 ટકા અને 2019માં 62.98 ટકા પરિણામ નોંધાયું હતું. 2023મા 58.43 ટકા, 2024મા 83.16.ટકા પરિણામ હતું. જ્યારે 2025મા ઘટીને 78.15 ટકા નોંધાયું છે. આમ ગત વર્ષની સરખામણીમાં ટકાવારીમાં આશરે 5 ટકાનો ઘટાડો થયો છે.

## 0થી 100 પરિણામ મેળવનારી શાળાઓની સંખ્યા

0 થી 10 ટકા પરિણામ ધરાવતી 3 શાળા, 11 થી 20 ટકા ધરાવતી 2 શાળા, 21 થી 30 ટકા ધરાવતી 3 શાળા, 31 થી 40 ટકા ધરાવતી 14 શાળા, 41 થી 50 ટકા ધરાવતી 13 શાળા, 51 થી 60 ટકા ધરાવતી 18 શાળા, 61 થી 70 ટકા ધરાવતી 29 શાળા, 71 થી 80 ટકા ધરાવતી 50 શાળા, 81 થી 90 ટકા ધરાવતી 52 શાળા, 91 થી 100 ટકા ધરાવતી 52 શાળા, 100 ટકા પરિણામ ધરાવતી 34 શાળા નોંધાઇ છે.

## વલસાડ-કપરાડા તાલુકાનાં કેન્દ્રવાઈઝ પરિણામ

| | |
|---|---|
| ધરમપુર | 75.02 |
| ફણસવાડા | 60.80 |
| નાનાપોંઢા | 63.15 |
| અટાર | 81.60 |
| કપરાડા | 68.06 |
| વલસાડ હાલર | 94.11 |
| વલસાડ સિટી | 75.16 |
| રોણવેલ | 71.35 |
| ડુંગરી | 79.03 |
| ફલધરા | 86.58 |
| દાંડી ભાગલ | 83.94 |
| જૂજવા | 74.58 |
| મોટાવાઘછીપા | 75.48 |
| ફલધરા | 86.58 |
| માંડવા | 65.62 |
| નાની વહિયાલ | 87.22 |

## ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા

| | |
|---|---|
| એ.1 ગ્રેડમાં | 280 |
| એ.2 ગ્રેડમાં | 1521 |
| બી.1 ગ્રેડમાં | 2631 |
| બી.2 ગ્રેડમાં | 3720 |
| સી.1 ગ્રેડ | 4194 |
| સી.2 ગ્રેડમાં | 2491 |
| ડી.,ઇ.1 ગ્રેડમાં | 155 |
| ઈ.1 ગ્રેડમાં | 2323 |
| ઈ.2 ગ્રેડમાં | 1869 |



» વલસાડ: વલસાડની શેઠ આર.જે.જે. હાઈસ્કૂલનું ધો.10નું 98.10 ટકા પરિણામ આવ્યું છે. શાળાના 16 વિદ્યાર્થીઓએ એ.1 ગ્રેડ મેળવ્યો છે. શાળામાં એ.1 ગ્રેડ સાથે પ્રથમક્રમે 99.89 પર્સન્ટાઈલ અને 97.17 ટકા સાથે ટંડેલ હેત્વી કલ્પેશ કુમાર અને ઠાકોર મિતસિંહ શૈલેશ ભાઈ, ત્રીજા ક્રમે 99.81 પર્સન્ટાઈલ અને 96.67 ટકા સાથે આર્યન ઈશ્વરભાઈ.

## વલસાડ જિલ્લામાં ધો.10-12નાં પરિણામોમાં સરકારી શાળાઓ અગ્રેસર

વલસાડ: ધો. 10 અને 12માં ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સરકારી શાળાઓનું પરિણામ 100 ટકા આવ્યું છે. ધો.10ના પરિણામમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા જામલીયાએ સતત બીજા વર્ષે ધો.10મા 100 ટકા પરિણામ મેળવ્યું છે. તમામ 29 વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે 82.50 ટકા સાથે પાડવી જયેશ ઈશ્રમભાઈ, બીજા ક્રમે 80.83 ટકા સાથે પાડવી આયુષી મોતીલાલ અને ત્રીજા ક્રમે 79.83 ટકા સાથે પાડવી જીજ્ઞેશ ઈશ્રામભાઈ આવ્યા હતા. નોંધનીય છેકે શાળાનું ધો.12નું પરિણામ પણ 100 ટકા આવ્યું હતું. શાળાની તમામ 41 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જેમાં 84.58 સાથે ચૌધરી એલિસા કરશનભાઈએ પ્રથમક્રમ મેળવ્યો હતો. આચાર્ય અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનદન પાઠવ્યા હતાં.

## ઉમરગામ તાલુકાનું 68.69 ટકા પરિણામ, વિદ્યાર્થિનીઓએ બાજી મારી

ઉમરગામ: ધોરણ 10ની પરીક્ષાનું ઉમરગામ કેન્દ્રનું પરિણામ 68.69 % આવ્યું છે. ઉમરગામ ટાઉન સ્થિત એમ એમ હાઈસ્કૂલનું પરિણામ 85.11 ટકા આવ્યું છે. શાળામાં ગુજરાતી મીડિયમમાં ખાન ખુશ્બુ 93.50 ટકા સાથે શાળામાં પ્રથમ, માછી નીતિ 87.33% સાથે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઇંગ્લિશ મીડિયમમાં લીંબાની બંસી 90.33% સાથે શાળામાં પ્રથમ ક્રમે, પટેલ ભક્તિ 86.50 ટકા સાથે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઉમરગામ નવનિર્માણ કેળવણી મંડળ દ્વારા સંચાલિત સોળસુંબા શ્રી એમ કે મહેતા સ્કૂલનું પરિણામ 72.32 ટકા આવ્યું છે. શાળામાં પ્રથમ ક્રમાંકે ઠાકુર પ્રવીણ 87.50 ટકા, ગુપ્તા સાક્ષી 86.50 ટકા સાથે બીજા ક્રમે જ્યારે પંચાલ ક્રિસ 82.66 ટકા સાથે શાળામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. દક્ષિણા વિદ્યાલય નારગોલ (નવસર્જન કેમ્પસ) સ્કૂલનું પરિણામ 100 ટકા આવ્યું છે. શાળામાં વણઝારા યુગ 91.66 % સાથે પ્રથમ ક્રમે જ્યારે સુરતી મોક્ષી 90.16% અને ભંડારી મૈત્રી 90.16 ટકા સાથે શાળામાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ભક્ત શ્રી જલારામ ન્યુ હાઈસ્કૂલ નારગોલ ઈંગ્લિશ મીડિયમનું પરિણામ 92.31 ટકા આવ્યું છે. સરસ્વતી ઠાકુર 92.66 ટકા સાથે શાળામાં તથા નારગોલ કેન્દ્રમાં પ્રથમ આવી છે. જ્યારે ગુજરાતી મીડિયમનું પરિણામ 83.45% આવ્યું છે. શાળામાં પટેલ વૃત્તિ 90.67% સાથે પ્રથમ, પટેલ સૃષ્ટિ 90% બીજા ક્રમે અને ટંડેલ મુક્તિ 89 % સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે સરીગામ કેડીબી હાઈસ્કૂલનું પરિણામ 52.36 ટકા આવ્યું છે. કુલ 166 વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળામાં પ્રજાપતિ સંતોષી 90.83% સાથે પ્રથમ, પ્રજાપતિ લક્ષ્મી 88.33% સાથે બીજા ક્રમે અને પટેલ કૃણાલી 88.50 ટકા સાથે ત્રીજા ક્રમે આવી છે. બી.એમ. એન્ડ બી.એફ. વાડીયા હાઈસ્કૂલ ફણસાનું પરિણામ 69.38% આવ્યું છે.



## પારડી કેન્દ્રનું 84.98% પરિણામ

પારડી: ધોરણ 10 બોર્ડનું પારડી ડિસીઓ શાળાનું 71.82 ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે પારડી કેન્દ્રનું 84.98% પરિણામ રહ્યું હતું. ડીસીઓ હાઇસ્કૂલમાં ધોરણ 10 માં કુલ 291 વિદ્યાર્થીઓમાંથી 209 પાસ અને 82 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. શાળામાં પ્રથમ ક્રમે આયુષી કાંતિલાલ પટેલ 99.14 પર્સન્ટાઇલ, બીજા ક્રમે માહી અમુલભાઈ પટેલ 98.79 પર્સન્ટાઇલ અને પ્રિયાંશી સતિષભાઈ પટેલ 98.62 પર્સન્ટાઈલ સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા. શાળાના આચાર્ય સુનિલ પટેલ અને ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈએ બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને આગળના ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

## સંઘ પ્રદેશ દમણ કેન્દ્રનું 93.74 ટકા પરિણામ, 26માંથી 7 શાળાનું 100 ટકા પરિણામ

દમણ: દમણની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળા મળી કુલ 26 શાળાઓના 1543 વિદ્યાર્થીઓ પાસ અને 103 વિદ્યાર્થીઓ નાપાસ થતાં દમણ કેન્દ્રનું ધોરણ 10નું 93.74 ટકા જેટલું પરિણામ આવ્યું છે. જો કે, 26 શાળાઓ પૈકી ફક્ત 7 જેટલી શાળાઓનું જ 100 ટકા પરિણામ આવ્યું છે. જેમાં 12 જેટલી સરકારી શાળાઓ પૈકી ગુજરાતી માધ્યમની ગવર્મેન્ટ હાયર સેકેન્ડરી સ્કૂલ મોટી દમણ અને અંગ્રેજી માધ્યમની ગવર્મેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ દમણવાડા એમ 2 સ્કૂલનું જ 100 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે 11 જેટલી ખાનગી શાળાઓ પૈકી અંગ્રેજી માધ્યમની સ્ટેલા મારીસ હાઈસ્કૂલ, હોલી ટ્રિનિટી હાઈસ્કૂલ, દિવ્ય જ્યોતિ હિન્દી માધ્યમ સ્કૂલ, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય હિન્દી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની સનરાઈઝ ચેમ્પ્સ સ્કૂલ મળી 5 શાળાઓનું 100 ટકા પરિણામ આવ્યું છે. દમણમાં ટોપ થ્રીમાં પ્રથમ શ્રી માછી મહાજન ગુજરાતી શાળાનો વિદ્યાર્થી હર્ષ કુમાર મનિષભાઇ પટેલે 94.83 ટકા, બીજા ક્રમાંકે અંગ્રેજી માધ્યમની દિવ્ય જ્યોતિ સ્કૂલની વિદ્યાર્થીની રીયા રાજેશ યાદવે 94.67 ટકા અને ત્રીજા ક્રમાંકે આજ સ્કૂલની વિદ્યાર્થીની રિયા રવિ રાયે 94.17 ગુણાંક પ્રાપ્ત કર્યા છે.

## ટ્યુશન વિના વાપીની ઉપાસના સ્કૂલની વિદ્યાર્થિનીએ 98.62 પર્સન્ટાઈલ મેળવ્યા



વાપી: ધો. 10ના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં વાપી સ્થિત ઉપાસના સ્કૂલની વિદ્યાર્થિની પ્રિયાંશી ભરતસિંહ વાઢેરે નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. તેણે 98.62 પર્સન્ટાઇલ સાથે A1 ગ્રેડ મેળવ્યો છે, જેની શાળાને સાથે સાથે તેના પરિવાર તથા નાડોદા રાજપૂત સમાજનું પણ ગૌરવ વધાર્યું છે. પ્રિયાંશી માટે વિશેષતાપૂર્ણ બાબત એ છે કે તેણે કોઈ પણ ટ્યુશન લીધા વિના માત્ર ઘરના સંસાધનો અને સંકલ્પથી અભ્યાસ કરીને આ સિદ્ધિ મેળવી છે. તેમણે બેઝિક ગણિતમાં 94, સંસ્કૃતમાં 99 અને વિજ્ઞાનમાં પણ 99 ગુણ પ્રાપ્ત કર્યા છેp જે તેના કઠિન પરિશ્રમ અને મજબૂત અધ્યયન પદ્ધતિનો સ્પષ્ટ પરિચય આપે છે. પ્રિયાંશીનો પરિવાર મૂળ પાટણ જિલ્લાના ઝીલવાણ ગામનો અને હાલમાં વાપી ખાતે વસવાટ કરે છે.

# સંક્ષિપ્ત સમાચાર

## કપરાડાની કન્યા સાક્ષરતા નિવાસી શાળાનું ધો.10નું 100 ટકા પરિણામ



વલસાડ: ગુરુવારે જાહેર થયેલા ધો.10ના પરિણામમાં કપરાડા તાલુકાની કન્યા સાક્ષરતા નિવાસી શાળા, કપરાડા કાજુ ફળિયા, સુથારપાડાનું 100 ટકા પરિણામ આવ્યું છે. શાળાની તમામ 58 વિદ્યાર્થિનીઓ પાસ થઈ છે. શાળામાં પ્રથમ ક્રમે 98.31 પર્સન્ટાઇલ અને 93.16 ટકા સાથે રાઉત શ્રદ્ધા અનિલભાઈ, બીજા ક્રમે 91.62 પર્સન્ટાઇલ અને 85.66 ટકા સાથે દળવી ફાલ્ગુનીબેન જસવંતભાઈ અને ત્રીજા ક્રમે પર્સન્ટાઇલ અને 83.66 ટકા સાથે સરનાયક સંજનાબેન વિઠ્ઠલભાઈએ મેળવ્યા હતા. શાળાની એક વિદ્યાર્થીનીએ એ.1 ગ્રેડ, 3 વિદ્યાર્થિનીઓએ એ.2 ગ્રેડ, 22 વિદ્યાર્થીઓએ બિ.1 ગ્રેડ મેળવ્યો હતો. આચાર્યા નીતાબેન ચૌધરી અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનદન પાઠવ્યા હતા.

## પારડીની મોતીવાડા લિટલ ફ્લાવર્સ સ્કૂલની વિદ્યાર્થિની 98.31% સાથે તાલુકામાં પ્રથમ



પારડી: ધોરણ 10ની બોર્ડ પરીક્ષામાં પારડી તાલુકાના મોતીવાડા ખાતે આવેલી લિટલ ફ્લાવર્સ સ્કૂલનું ઉત્તમ પરિણામ આવ્યું હતું. જેમાં જેની હિતેશભાઇ પટેલ 98.31% સાથે પારડી તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું તથા તેમના પરિવારનું નામ રોશન કર્યું હતું. જયારે જીલ દક્ષેશ પટેલ 97.52% સાથે બીજું સ્થાન તથા મન કિરણકુમાર પટેલે 95.34% મેળવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાથોસાથ શાળામાં 11 વિદ્યાર્થીઓએ 90%થી વધારે ટકાવારી પ્રાપ્ત કરી હતી. લિટલ ફ્લાવર્સ સ્કૂલના ડિરેક્ટર જય સરદાર અને પ્રિન્સિપલ પુષ્કર ગોંડલિયાએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વાપી આરજીએએસ હાઈસ્કૂલનું 83.78 ટકા પરિણામ

વાપી: વાપી આરજીએએસ હાઈસ્કૂલનું પરિણામ 83.78 ટકા આવ્યું હતું. પરીક્ષામાં કુલ 111 વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાંથી 93 વિદ્યાર્થીઓ પાસ થયા હતાં. શાળામાં એટુ અને બીવન ગ્રેડમાં 11-11 વિદ્યાર્થી, જયારે બીટુમાં 25 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. શાળામાં પ્રથમ ક્રમે ખાન કનીઝ ફાતમા સોકતઅલી 93.91 પીઆર, દ્વિતિય ક્રમે પ્રજાપતિ રોશની હરીશચંદ્ર 93.58 પીઆર જયારે તૃતિય ક્રમે હળપતિ દેવિકા જયેશભાઈએ 91.06 પર્સન્ટાઈલ રેંક મેળવ્યા હતા.

## ભેંસધરા આશ્રમ શાળાનું 95.12 ટકા પરિણામ

ધરમપુર: ગુરુવારે ધો.10ના પરિણામમાં ધરમપુર તાલુકાના ભેંસધરા સ્થિત આદિવાસી વિકાસ મંડળ સંચાલિત આશ્રમ શાળાનું 95.12 ટકા પરિણામ આવ્યું છે. શાળાના 41 પૈકી 39 વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે ગવળી શાલુબેન દિનેશભાઈ 83 ટકા, પવાર પ્રગતિબેન પ્રકાશભાઈ 79.33 ટકા, કુલાંત પનુંરીબેન સુરેશભાઈ 75 ટકાનો સમાવેશ થાય છે. ધરમપુર તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર આશ્રમ શાળાનું ધો.10નું 95.12 ટકા પરિણામ આવતા આચાર્ય, શાળા પરિવાર અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી.

## ખેરગામ હાઈ.નું 71.83 અને જામનપાડા શાળાનું એસએસસીનું 100 ટકા પરિણામ



ખેરગામ: ધોરણ-10 પરિણામમાં ખેરગામની જનતા માધ્યમિક શાળાનું પરિણામ 71.83 % નોંધાવા પામ્યું હતું. જેમાં પરાજપુરોહિત અંજુ મોહનસિંહ 92.83%, A1 ગ્રેડ સાથે શાળામાં પ્રથમ અને આહિર રિદ્ધિ કમલેશકુમાર 92.50%, A1 ગ્રેડ સાથે બીજા ક્રમે રહ્યા હતાં. શાળાના આચાર્ય ચેતનભાઈ પટેલ અને સંચાલક મંડળના પ્રમુખ અરવિંદભાઈ પટેલ દ્વારા યોગ્ય પરિણામ પ્રાપ્ત કરવા બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે ઉત્તર બુનિયાદી વિદ્યાલય, જામનપાડા શાળાનું પરિણામ 100% આવ્યું છે જેમાં પટેલ હેલી વિજયકુમારે 600 માંથી 517 ગુણ મેળવી 92.17 પર્સન્ટાઇલ રેન્ક અને A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળામાં પ્રથમ નંબરે રહી છે.

## વલસાડની કુસુમ વિદ્યાલયના ધો.10ના તમામ 151 વિદ્યાર્થી પાસ

વલસાડ: વલસાડના તિથલ રોડ સ્થિત કુસુમ વિદ્યાલયની ધો.10નું ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનું 100 ટકા પરિણામ આવ્યું છે. બંને માધ્યમના તમામ 151 વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળાના 31 વિદ્યાર્થીઓએ એ.1 ગ્રેડ મેળવ્યો છે. શાળામાં સતત 14 વર્ષથી ધો.10ના પ્રથમ બેન્ચ 2012થી સતત 100 ટકા પરિણામ આવી રહ્યું છે. શાળાના ટ્રસ્ટી મંડળ, આચાર્ય અને શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનદન પાઠવ્યા હતા.

## રોણવેલ હાઈસ્કૂલનું 75.16 ટકા પરિણામ

વલસાડ: વલસાડ તાલુકાના રોણવેલ વિભાગ કેળવણી મંડળ સંચાલિત આર.કે. પટેલ સાર્વજનિક વિદ્યાલય રોણવેલનું એસ.એસ.સી. બોર્ડનું 75.16 ટકા પરિણામ આવ્યું હતું. શાળામાં પ્રથમ ક્રમે પટેલ રોહિની દિનેશભાઈએ 92.67 ટકા સાથે એ-1 ગ્રેડ મેળવી શાળામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. શાળામાં 11 વિદ્યાર્થીઓએ એ.2 ગ્રેડ મેળવી શાળાનું નામ રોશન કર્યું.

## ચલા સેન્ટ ફ્રાન્સિસ હાઈસ્કૂલનું ધો.10 નું 100 ટકા પરિણામ



વાપી: વાપી સેન્ટરનું 83.99 ટકા પરિણામ જાહેર થયું હતું. ચલા સ્થિત સેન્ટ ફ્રાન્સિસ હાઈસ્કૂલનું ધો.10નું 100 ટકા પરિણામ આવ્યું હતું. શાળામાંથી કુલ 246 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે તમામ 246 ઉતિર્ણ થયા હતાં. જેમાં એવન ગ્રેડમાં 17, એટુ-49, બીવન-72, બીટુ-65, સીવન-33, સીટુ-10 રહ્યા હતાં. એવન ગ્રેડમાં ઠાકરે દિવ્યા દિપક 98.62 પર્સન્ટાઈલ રેન્ક, પટેલ ઋત્વી હિતેશકુમાર 98.52 પર્સન્ટાઈલ રેન્ક, પ્રસાદ શિવાની રજનીશ 98.42 પર્સન્ટાઈલ રેન્ક, અન્સારી મોહંમદ આરીફ સોહિલ 98.31 પર્સન્ટાઈલ રેન્ક અને યાદવ સૌર્ય નરેન્દ્રકુમાર 98.20 પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. પ્રિન્સિપાલ ટીવીએન કુટ્ટી, શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પારડી અશ્વમેધ વિદ્યાલય અંગ્રેજી માધ્યમનું 100% પરિણામ



પારડી: પારડી તાલુકાના સોંઢલવાડામાં આવેલ અશ્વમેધ વિદ્યાલયનું અંગ્રેજી માધ્યમનું પરિણામ 100 ટકા રહ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે મૈત્રી જયંતીભાઈ પટેલ 98.90 પર્સન્ટાઈલ, બીજા ક્રમે ધ્રુવી હર્ષદભાઈ આહીર 97.52 પર્સન્ટાઈલ અને જેની કેતન આહીર 95.90 પર્સેન્ટાઇલ સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા. અંગ્રેજી માધ્યમમાં ધોરણ 10ના શાળાના 56 માંથી 56 વિદ્યાર્થીઓ પાસ થતા એમડી હર્ષદ પટેલે વાલીઓને શિક્ષકોની મહેનતને અને બાળકોને અભિનંદન આપ્યા હતા. આ સાથે ધોરણ 10 ગુજરાતી માધ્યમનું 88.52 ટકા પરિણામ રહ્યું હતું. જેમાં કુલ 61 વિદ્યાર્થીઓમાંથી 54 પાસ અને 7 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. ત્યારે પ્રથમ ક્રમે ખુશી વિજયભાઈ પીપલીયા 99.69 પર્સન્ટાઈલ, બીજા ક્રમે એન્જલ મહેશભાઈ સાપરા 98.81 પર્સેન્ટાઇલ, ત્રીજા ક્રમે સોનાક્ષી અવિનાશભાઈ પટેલ 96.89 પર્સન્ટાઈલ અને ખુશી અશોકભાઈ પટેલ 96.39 પર્સન્ટાઈલ સાથે ચોથા ક્રમે રહ્યા હતા. ધોરણ 10 માં પાસ થયેલ વિદ્યાર્થીઓને એમડી હર્ષદ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મનોજ પટેલ, શિક્ષકોએ શુભેચ્છા પાઠવી હતી. અને નાપાસ થયેલ વિદ્યાર્થીઓને નિરાશ ન થઈ આગામી પરીક્ષાની તૈયારી કરવા માર્ગદર્શન આપ્યું હતું.

## નાની વહીયાળ હાઈસ્કૂલનું ધો.10નું પરિણામ 76.14 ટકા



વલસાડ: દ.ગુ. પછાત વર્ગ સેવા મંડળ સુરત સંચાલિત વોક ટુ ગેધર્સ ઉમેશભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાનીવહીયાળ, તા.ધરમપુર ધોરણ-10 નું 76.14 ટકા પરિણામ આવ્યું છે. શાળામા ગાંવિત સ્વાતિબેન હરેશભાઈએ 86 ટકા સાથે એ.2 ગ્રેડ પ્રાપ્ત કરી પ્રથમ ક્રમ, વળવી જયવંતિબેન ભગુભાઈએ 84.66 ટકા સાથે એ.2 ગ્રેડ પ્રાપ્ત કરી દ્વિતિય ક્રમ અને નાયક રાગીનીબેન કમલેશભાઈએ 78.83 ટકા સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

## કપરાડા તાલુકાના ધાડવીમાં ખાણ ખનીજ વિભાગના દરોડા

**4 યાંત્રિક** નાવડી અને 2 ટ્રક સીઝ, રૂ.24 લાખનો મુદ્દામાલ કબજે



વલસાડ: વલસાડ ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓએ કપરાડા તાલુકાના અંતરિયાળ ધાડવી ગામ ખાતે છાપો મારી ગેરકાયદે સાદી રેતી ખનન સ્થળેથી 4 યાંત્રિક નાવડીઓ અને 2 ટ્રક મળી કુલ 24 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જિલ્લા ખાણ ખનીજ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા તાલુકાની વિવિધ નદીમાંથી કેટલાક સ્થળોએ મંજૂરી વિના થઈ રહેલા રેતી ખનન સામે જિલ્લા ખાણ ખનીજ વિભાગે કડક અભિયાન શરૂ કર્યું છે. ત્યારે ગત 5 મેના રોજ જિલ્લા મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીની સૂચનાથી વિભાગની ટીમે તાલુકાના અંતરિયાળ વિસ્તાર ધાડવીમાં છાપો મારી સાદી રેતી ખનીજ ગેરકાયદેસર ખનન અને વહન મુદ્દે નદીમાંથી રેતી કાઢવા ઉપયોગમાં લેવામાં આવતી 4 યાંત્રિક નાવડી અને 2 ટ્રક મળી કુલ્લે રૂ.24 લાખનો મુદ્દામાલ સીઝ કરી ગુજરાત ખનીજ (ખાણકામ અને વહન સંગ્રહ) નિવારણની કલમો મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પારડી હાઇવે પર ટેન્કરમાં આગ લાગતાં દોડધામ મચી


અમૃત પટેલ

પારડી: વાપીમાં આવેલી પીડીલાઇટ કંપનીમાં ટેન્કર (નં. GJ 27 U 6944) નો ચાલક વિરેન્દ્ર યાદવ કેમિકલ ખાલી કર્યા બાદ રાત્રિના પરત અંકલેશ્વર જવા નીકળ્યો હતો. ત્યારે રાત્રિએ પારડી ને.હા. નં. 48 પસાર કરતી વખતે એન્જિનના ભાગે ધુમાડો દેખાતા ચાલકે સોના દર્શન સામે હાઇવે પર ટેન્કરને ઊભું રાખ્યું હતું અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટના સ્થળે એક સમયે ટેન્કરમાં કોઈ જ્વલનશીલ કેમિકલ હોવાની આશંકાએ ડરનો માહોલ બન્યો હતો અને આ બાબતની જાણ પારડી પોલીસ અને પારડી નગરપાલિકાની ફાયર ટીમને કરવામાં આવતા તાત્કાલિક ઘટના સ્થળે ટીમ પહોંચી હતી. ટેન્કરમાં લાગેલી આગને જોતા સલામતીના ભાગરૂપે સુરત તરફ જતા વાહનોને પોલીસે એક સમયે અટકાવવા પડ્યા હતા. પારડી પાલિકાની ફાયર ટીમો એ તાત્કાલિક પાણી મારો શરૂ કરી આગ પર કાબુ મેળવતા રાહતનો શ્વાસ લીધો હતો.

## ધરમપુરની શાળાઓનું નોંધનીય પ્રદર્શન

ધરમપુર: રાધાબા શામલાલ પટેલ વિદ્યાલયનું 93 ટકા પરિણામ આવ્યું છે. શાળાની વિદ્યાર્થીની સંચિતા અમ્રત ભોયાએ 96.67 ટકા ગુણ મેળવી શાળા અને તાલુકામાં પ્રથમ ક્રમે, હર્ષિતા કમલેશ પટેલ 96 ટકા મેળવી શાળા અને તાલુકામાં બીજા ક્રમે આવી છે. જ્યારે માલનપાડા સ્વામિનારાયણ ગુરુકુળનો વિદ્યાર્થી શ્રેયાંશ અલ્પેશ પટેલ 95 ટકા મેળવી શાળામાં પ્રથમ અને તાલુકામાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. શ્રીમદ્દ ગુરુકુલનું 89 ટકા પરિણામ આવ્યું છે. શાળાની વિદ્યાર્થીની પ્રિયાંશીબેન કિરણ ગ્રેડ 91.66 ટકા સાથે પ્રથમ અને રૂદ્ર અશ્વિન ગરાસિયા 90.83 સાથે બીજો ક્રમ મેળવ્યો છે. એસએમએસએમ હાઈસ્કૂલનું પરિણામ 69.85 ટકા આવ્યું છે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલનું 66.15 ટકા પરિણામ આવ્યું છે. શાળાનો વિદ્યાર્થી મેહુલ ઈસાની લખાન 88.83 ટકા સાથે પ્રથમ અને ગીતાબેન ભાવુભાઈ ગાંગોડા 80.83 ટકા સાથે બીજો ક્રમ મેળવ્યો છે. ધરમપુર કન્યા સાક્ષરતા નિવાસી શાળા ધરમપુરનું 98.27 ટકા પરિણામ આવ્યું છે. શાળાની વિદ્યાર્થીની પ્રિયંકા નવીન ચૌધરી 83.50 ટકા સાથે પ્રથમ અને અશ્રુતી બિપિન પટેલ 77.15 ટકા સાથે બીજો ક્રમ મેળવ્યો છે.